

ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ હિંમતનગર એકમ દ્વારા બળેવ પર્વ નિમિત્તે ભોલેશ્વર મહાદેવ હિંમતનગર ખાતે વડીલ વંદના, ઈનામ વિતરણ અને સમૂહ ભોજનનો ત્રિવિધ કાર્યક્રમ યોજાયો. સમાજ દ્વાર ૭૦ વર્ષ થી વધુ વાય ના ૨૫ વડીલો ને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ. સમાજ ના ૭૦ ઉપરાંત વિધાર્થી ને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. આજના પ્રસંગ નિમિત્ત યોગેશભાઈ ત્રિવેદી અને રમણભાઈ પાઠક તરફથી સમૂહ ભોજન આવામાં આવેલ. હિંમતનગર એકમના પ્રમુખ શ્રી જગદીશ પંડ્યા, મંત્રી શ્રી જયેશ પંડ્યા , અમરતભાઈ ઉપાધ્યાય, વિમલભાઈ તથા ઈન્દ્રવદનભાઈએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી.

## મોડાસામાં વિશ્વ સ્તનપાન દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો



મોડાસા, તા. ૬

રાજ્યમાં ૧ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન મહીલા સશક્તિકરણની ઉજવણી કરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે આજરોજ અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે કલેક્ટર શાલીની અગ્રવાલ દ્વારા સ્તનપાન રૂમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કલેક્ટરે જણાવ્યુ હતુ કે જિલ્લા સેવાસદન ખાતે આવતી મહિલાઓના પોતાના બાળકોને સારી રીતે સ્તનપાન બેસીને કરાવી શકે તે માટે અલાયદા રૂમની વ્યવસ્થા મહિલાઓ માટે કરી આપવામાં આવી છે. સ્તનપાન કક્ષાના ઉદ્ઘાટન પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર, નાયબ કલેક્ટર, પ્રાંત અધિકારી, આરોગ્ય શાખાના એડીએચઓ, આરસી. ડીએચઓ તેમજ જિલ્લા સેવા સદનની મહીલાઓ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મોડાસાની શ્રીમતી વી.વી. શાહ એમ.એસ.સી. કોલેજમાં વર્કશોપ યોજાયો

મોડાસા, તા. ૬

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વિ.વિ. શાહ એમ.એસ.સી. (સીએ એન્ડ આઈટી) કોલેજ, મોડાસામાં ANDROID વિષય ઉપર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. અમદાવાદથી ટોપ્સ ટેકનોલોજીમાંથી આવેલ હિતેષ કચ્છાડીયાએ વિદ્યાર્થીઓને ત્રણ કલાકમાં વેબસાઈટ બનાવવાની માહિતી પુરી પાડી હતી. આ વર્કશોપમાં સંસ્થાના પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદી અને સુરેન્દ્રભાઈ જે. શાહ, સંસ્થાના આચાર્ય પરિમલ એમ. શાહ તથા સમગ્ર સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. આકાશગીરી ગોસ્વામીએ કર્યું હતું.

## પ્રાંતિજ તાલુકા પ્રજાપતિ ઈંટ ઉત્પાદક મંડળની જનરલ સભા યોજાઈ



પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા પ્રજાપતિ ઈંટ ઉત્પાદક મંડળની સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં ઈંટ ઉત્પાદકો ને જી.એસ.ટી અંગેની સમજણ તથા ચાલુ પ્રમુખ-મંત્રી સહિત હોદ્દેદારોની સર્વાનુમતે ફરી વરણી કરવામાં આવી હતી.

પ્રાંતિજ શ્રી દશામાંના મંદિરના વિશાળ હોલ ખાતે પ્રાંતિજ તાલુકા પ્રજાપતિ ઈંટ ઉત્પાદક મંડળની જનરલ સભા યોજાઈ હતી. જેમાં મંડળના ધંધાને લગતી પ્રશ્નો સહિત નાના-મોટા પ્રશ્નો તથા હિસાબ તથા સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ જી.એસ.ટી ની સમજ ચર્ચાઓ પણ થઈ હતી. જયારે પ્રાંતિજ તાલુકા પ્રજાપતિ ઈંટ ઉત્પાદક મંડળના ચાલુ પ્રમુખ-મંત્રી સહિત ચાલુ હોદ્દેદારોની સર્વાનુમતે ફરી રીપીટ કરવામાં આવ્યાં હતા. જેમાં પ્રમુખ તરીકે જયંતિભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિ, મંત્રી તરીકે પરષોત્તમભાઈ ભલાભાઈ પ્રજાપતિ, ઉપપ્રમુખ તરીકે ગોવિંદભાઈ શામળભાઈ પ્રજાપતિ, સહમંત્રી તરીકે વિક્રમભાઈ નટવરભાઈ પ્રજાપતિ ઓડિટર તરીકે પ્રવિણભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિ તથા કારોબારી સભ્યોને પણ ફરીવાર રીપીટ કરવામાં આવ્યાં હતા.

## મોડાસાની પી.ટી. સાયન્સ કોલેજને 'એ' ગ્રેડની સિદ્ધિ

ગુજરાત સરકારશ્રીના, શિક્ષણ વિભાગના કેસીજી ઉચ્ચ શિક્ષણની પિયર ટીમ, સર પી.ટી. સાયન્સ કોલેજ, મોડાસામાં તા. ૧ તા. ૨ ઓગષ્ટ ૨૦૧૭ બે દિવસની મુલાકાતે આવી હતી. ચેરમેન ડૉ. કે.જી. છાયા, પ્રિન્સીપાલ, સરકારી સાયન્સ કોલેજ, ગાંધીનગર, ડૉ. ભાવેશ પટેલ, પ્રિન્સિપાલ, વી.પી. એન્ડ આર પી ટી પી સાયન્સ કોલેજ, વિદ્યાનગર અને ડૉ. કે.ડી. લાડવા, વિરાણી સાયન્સ કોલેજ, રાજકોટની પિયર ટીમે બે દિવસ દરમિયાન સમગ્ર કોલેજના અધ્યાપકો-વિદ્યાર્થીઓની શૈક્ષણિક અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ, કોલેજમાં સંશોધન, ભૌતિક સુવિધાઓ વગેરેની ઝીણવટપૂર્વક માહિતી મેળવી, શૈક્ષણિક અને વહીવટનું મુલ્યાંકન કરેલ હતુ. મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી, મહેન્દ્રભાઈ શાહ, સુરેન્દ્રભાઈ શાહ સહિત હોદ્દેદારોએ કેળવણી મંડળ વિશે માહિતી આપી હતી. પિયર ટીમ સાથે વિશેષ સંવાદ માટે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના હોદ્દેદારો અને સભ્યો તથા વાલીમંડળ હાજર રહ્યા હતા. કોલેજ સમિતિઓએ અને વિદ્યાર્થીઓએ પ્રવૃત્તિઓનો અહેવાલ પ્રેઝન્ટેશનો ઉઠાવી સાંસ્કૃતિક કર્યા હતા. વિદ્યાર્થીઓના અથાગ પરિશ્રમ અને અધ્યાપકોના માર્ગદર્શન વિવિધ શૈક્ષણિક સિદ્ધિઓને ધ્યાને લેતા શિક્ષણ વિભાગના (એએએ) મૂલ્યાંકનમાં સર પી ટી સાયન્સ કોલેજ, મોડાસા 'એ' ગ્રેડ પ્રાપ્ત કરી અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાની પ્રથમ કોલેજ બની હતી. કેમ્પસનું ગૌરવ વધવા બદલ સંચાલક મંડળ અને કોલેજના વિદ્યાર્થીઓ, કર્મચારીઓને ચોતરફથી અભિનંદન વર્ષા થઈ રહી છે.

### હિંમતનગર પાલીકા અને શહેર ભાજપ દ્વારા

## બનાસકાંઠાના પુરગ્રસ્તોને રાહત સામગ્રી મોકલાવાઈ

હિંમતનગર, તા. ૭

આજરોજ ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લાના કાર્યાલય ખાતેથી હિંમતનગર નગરપાલિકા અને હિંમતનગર શહેર ભાજપ સંગઠનના સંયુક્ત ઉપક્રમે બનાસકાંઠા જિલ્લાના પુરગ્રસ્તો માટે વિવિધ પ્રકારની ચીજવસ્તુઓ અને વાસણોની કીટ મોકલાઈ હતી. આ કીટમાં વાસણો, રૂમાલ, સાડીઓ, તાડપત્રી, મચ્છરદાની, ડ્રેસ અને પેન્ટ-શર્ટનો સમાવેશ થાય છે તેમજ ચામડીના રોગને લગતી દવા પણ મોકલી આપેલ.





આ પ્રસંગે રાજ્ય સરકારના વાહન વ્યવહાર મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી વલ્લભભાઈ કાકડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ તથા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, પાલીકા પ્રમુખ નીલાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ અનીરૂદ્ધભાઈ સોરઠીયા, શહેર મહામંત્રી હર્ષદભાઈ મીસ્ત્રી, કુ. કૌશલ્યા કુંવરબા પરમાર, પાલીકા કારોબારી ચેરમેન અમૃત પુરોહિત, પાલિકાના વિવિધ સમિતિના ચેરમેન સાવન દેસાઈ, વિમલ ઉપાધ્યાય, સવજીભાઈ ભાટી, પ્રણવ સોની, પાલીકા સ્ટાફ, દીપકભાઈ શાહ, સુરજભાઈ રાઠોડ, હેમંતભાઈ ઘુવાડ, દીપક જાની, હંસાબેન પિત્રોડા, રેખાબેન ત્રિવેદી વગેરે હાજર રહેલ. પાલીકા સ્ટાફે પણ સહયોગ આપેલ હતો.



અરવલ્લી સહિત ઉત્તર ગુજરાતમાંથી પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ રણુજા જતા પદયાત્રી સંઘો દ્વારા યાત્રાની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે ત્યારે તેમને અને જુદા જુદા રાજ્ય જિલ્લાઓ, ગામોમાંથી આવતા પદયાત્રીઓને આવકારવા અને વિશ્રામ,ભોજન, રાત્રી રોકાણ સેવા માટેના વિસામા પણ રાજસ્થાન જતા યાત્રિકોને માર્ગ ઉપર અત્યારથી જ શરૂ કરાઈ રહ્યા છે જેની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. સિરોહી પાસે પોસાલીયા હાઈવે ઉપર રામદેવ પદયાત્રી સેવા સમિતિ, અરવલ્લી દ્વારા પૂ. હીરાદાદા (મોટી ઈસરોલ)અને પ્રભુદાસભાઈ પટેલના સાન્નિધ્યે ગુજરાતી વિસામાની તૈયારી થઈ રહી છે તેનું દશ્ય.

## કોંગ્રેસી બહેનોએ ભરતસિંહ, એહમદ પટેલને રાખી બાંધી

અમદાવાદ,તા. ૭

કોંગ્રેસના દિગ્ગજ નેતા અને રાજયસભાના કોંગ્રેસના ઉમેદવાર એહમદ પટેલે આ વખતે અમદાવાદમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. કોંગ્રેસની મહિલા કાર્યકર સહિતની બહેનોએ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાને રાખડી બાંધી તેમનું મોં મીઠું કરાવ્યું હતું. બહેનોએ એહમદ પટેલને આવતીકાલની રાજયસભાની ચૂંટણીમાં વિજયી ભવઃ ના આશીર્વાદ આપ્યા હતા. એહમદ પટેલે પણ બહેનોનો આભાર માની તેમને યથાયોગ્ય પ્રતિકભેટ આપી હતી. તો એ જ પ્રકારે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીને પણ કોંગ્રેસની મહિલા કાર્યકરો સહિતની બહેનો રાખડી બાંધી આવતીકાલની રાજયસભાની ચૂંટણીમાં એહમદ પટેલ અને કોંગ્રેસની જીતના આશીર્વાદ આપ્યા હતા.

રાજયસભાની આવતીકાલની ચૂંટણીને લઈ કોંગ્રેસના દિગ્ગજ નેતા એહમદ પટેલ હજુ બે દિવસ સુધી અમદાવાદમાં જ રોકાયેલા છે. એહમદ પટેલે હોટલ તાજમાં કોંગ્રેસના નેતાઓ અને અગ્રણીઓ સાથે રાજયસભાની ચૂંટણીને લઈ વિજયી રણનીતિ માટે બેઠકોનો દોર ચલાવ્યો હતો તે વચ્ચે આજે રક્ષાબંધનનું પવિત્ર પર્વ હોઈ કોંગ્રેસની મહિલા કાર્યકરો અને અન્ય બહેનો તેમને રાખડી બાંધવા પહોંચી હતી. એહમદ પટેલે પણ બહેનોનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. બહેનોએ એહમદ પટેલને રાખડી બાંધી તેમનું મોં મીઠું કરાવી આવતીકાલની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં તેમનો વિજય થાય તેવા આશીર્વાદ આપ્યા હતા. એહમદ પટેલે પણ બહેનોને નમસ્કાર કરી તેમનો આભાર માન્યો હતો અને પ્રતિકભેટ અર્પણ કરી હતી. ત્યારબાદ બહેનોએ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીને પણ રાખડી બાંધી આવતીકાલની ચૂંટણીમાં એહમદ પટેલ અને કોંગ્રેસની જીતના આશીર્વાદ આપ્યા હતા.

## પાટનગરમાં રાજયસભાની ચૂંટણીને પગલે ભારે ધમધમાટ

- ગુજરાતમાં ત્રણ રાજ્યસભા સીટની મંગળવારના દિવસે યોજાનારી ચૂંટણીને લઈને ભારે રાજકીય ઉત્સુકતા દખાઈ રહી છે
- રાજ્યસભાની ચૂંટણી જીતવા માટે ભાજપ અને કોંગ્રેસે તમામ તાકાત લગાવી
- રાજ્યસભામાં ગુજરાતમાંથી કુલ સીટ ૧૧ છે જે પૈકી ભાજપ પાસે નવ અને કોંગ્રેસ પાસે બે સીટો છે
- મતદાનની શરૂઆત સવારે ૯ વાગે થશે અને સાંજે ચાર વાગ્યા સુધી મતદાન ચાલશે
- ગુજરાત વિધાનસભામાં કુલ ૧૮૨ ધારાસભ્યો છે પરંતુ છ કોંગ્રેસી ધારાસભ્યો રાજીનામુ આપી ચુક્યા છે જેથી ગૃહમાં ૧૭૬ ધારાસભ્યો છે જે પૈકી ભાજપ પાસે ૧૨૧, કોંગ્રેસ ૫૧, એનસીપી ૨ અને જેડીયુ પાસે એક ધારાસભ્યનો સમાવેશ થાય છે.
- રાજ્યસભામાં સાંસદની અવધિ છ વર્ષની હોય છે
- મતદાન યોજાયા બાદ આવતીકાલે જ પરિણામ જાહેર કરાશે
- રાજ્યસભામાં ભાજપ ૫૮ સીટ સાથે સૌથી મોટી પાર્ટી છે
- કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહેમદ પટેલ પડકારને પાર પાડીને સફળ રહેશે કે કેમ તેને લઈન તમામની નજર
- ભાજપ પાર્ટી અધ્યક્ષ અમિત શાહ, કેન્દ્રિય પ્રધાન સ્મૃતિ ઈરાની અને કોંગ્રસ સાથે છેડો ફાડીને ભાજપમા સામેલ થયેલા બળવંત સિંહ રાજપુતને મદાનમાં ઉતાર્યા છે
- રાજયસભાની ચૂંટણીમાં નોટાનો ઉપયોગ કરવામાં આવનાર છે
- નોટાનો ઉપયોગ થઈ રહ્યો હોવાથી ભાજપ અને કોંગ્રસ બન્ને પાર્ટીને ક્રોસ વોટિંગ થવાની દહેશત સતાવી રહી છે
- બન્ને પાર્ટી પોત પોતાના સભ્યોને રાજ્યસભાની ચૂંટણીને લઈને જરૂરી આદેશ આપી ચુકી છે
- ગુજરાત વિધાનસભા સંકુળની આસપાસ રાજ્યસભા ચૂંટણીને ધ્યાનમાં લઈને મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે
- હાઈ પ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ચૂંટણીમાં કોઈ બેદરકારી દાખવવા માટે બન્ને પાર્ટી ઈચ્છુક નથી
- રાજકીય ઘટનાક્રમના દોર વચ્ચે કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો હાલમાં કોંગ્રેસ સાથે છેડો ફાડી ચુક્યા છે
- શંકરસિંહ વાઘેલા પણ કોંગ્રેસ સાથે છેડો ફાડી ચુક્યા છે જેથી પાર્ટીની તકલીફ વધી છે
- બેંગલોર મોકલી દેવામાં આવેલા અને હવે પરત ફરલા કોંગ્રેસના ૪૪ ધારાસભ્યો સિવાયના સાત ધારાસભ્યોએ હજુ સુધી તેમના પત્તા ખોલ્યા નથી
- બે એનસીપી અને ક જેડીયુના સભ્યનુ મહત્વ પણ ખુબ વધી ગયુ છે
- જેડીયુએ છેલ્લી ઘડીએ પત્તા ખોલવાનો નિર્ણય કર્યો છે



અરવલ્લી ના ધનસુરા તાલુકાના જશવંતપુરા ગામ ની ઘટના ૨૫ વર્ષિય યુવકે અ ગમ્ય કારણો સાસરીમાં કર્યો આપઘાત સમગ્ર વિસ્તારમાં મા ચકચાર મચી યુવક નુ નામ વિજયભાઈ સતિષભાઈ સોલંકી રહે કામલી લીમડાના ઝાડ પર લટકી જીવન ટુંકાવ્યું હતુ. ધનસુરા પોલીસ ઘટના સ્થળે પહોચી હતી. પોલીસે લાશ નીચે ઉતારી કાર્યવાહી શરુ કરી હતી.

આ ચૂંટણીમાં પરિણામ બગડાનું ગણિત નક્કી કરશે તેમ રાજકીય વિવેચકોનું કહેવુ છે તો કેટલાક ગણતરીકારો પ્રથમ પસંદગીના મતોથી જ ચૂંટણીનું પરિણામ આવી જશે તેવુ કહી રહ્યા છે.

આ ચૂંટણીને ૧૯૮૪ના જંગ જેવી પણ લેખાવવામાં આવી રહી છે. એ વખતે કોંગ્રેસમાં જે મોટા પાયે ક્રોસ વોટીંગ થયુ હતુ તેવું જ ક્રોસ વોટીંગ થશે તેવો વિશ્વાસ પણ ગણતરી વિશેસજ્ઞો કરી રહ્યા છે.

### કોંગ્રેસની જીત નિશ્ચિત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા કરાયેલો આ હુમલો નિંદનીય અને શરમજનક કૃત્ય છે. આ પ્રકારે અમને રિસોર્ટમાં રહેવાની ભાજપે ફરજ પાડી છે કારણ કે, ભાજપ જે પ્રકારે સત્તા અને પૈસાના જોરે કોંગ્રેસના ધારાસભ્યોને તોડવાની ગંદી રાજનીતિ રમી રહ્યું હતું, તેના કારણે અમારે લોકશાહીની રક્ષા અને અમારા ધારાસભ્યોની સુરક્ષા માટે આમ કરવું પડયું છે. પૂરપીડિતોની મદદના બદલે કોંગ્રેસના ધારાસભ્યો કેમ બેંગ્લુરૂ જતા રહ્યા તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં એહમદ પટેલે સ્પષ્ટ કર્યું કે, ધારાસભ્યો પૂરના સમયે તો અહીં જ હતા અને પૂરપીડિતોની મદદમાં હતા. શરૂઆતના પાંચ દિવસોમાં કોંગ્રેસના ધારાસભ્યો પૂરગ્રસ્ત વિસ્તારોમાં પૂરપીડિતોની સેવામાં હતા ત્યારબાદ ભાજપના તોડફોડના રાજકારણના કારણે પોતાની રક્ષા માટે તેઓ બેંગ્લુરૂ ગયા. પરંતુ ભાજપના નેતાઓ અને મુખ્યમંત્રી પૂરના શરૂઆતના પાંચ દિવસોમાં કયાં હતા. તેઓ કેમ ત્યાં કેમ ફરકયા નહી. મુખ્યમંત્રીને ગુજરાતની પ્રજાને જવાબ આપવો પડશે. તેમણે ભાજપ પર જાસૂસી કરવાનો ગંભીર આરોપ પણ લગાવ્યો હતો.

### ફોટા સાથેનું મતપત્રક.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેલેટ પેપરમાં વાયોલેટ ઈન્કવાળી પેનથી સભ્યો મતદાન કરશે. ગુજરાત વિધાનસભામાં હાલ ૧૭૬ સભ્યો છે. ૬ સભ્યોએ તાજેતરમાં રાજીનામા આપી દીધા છે. રાજ્યસભાના ચૂંટણી મતપત્રકમાં ૪ રાજકીય પક્ષોના ઉમેદવારની નીચે નોટાનો પણ વિકલ્પ આપવામાં આવ્યો છે. આમ ગુજરાતની રાજ્યસભાની ચૂંટણીમાં નોટાનો ઉપયોગ પણ પ્રથમવાર થશે. મતદાન કર્યા બાદ સભ્યએ પોતાનો મત પક્ષના ચૂંટણી એજન્ટને બતાવવાનો રહેશે.

### ભાજપ જ જીતશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચૂંટણી લડી રહ્યા છે જ્યારે કોંગ્રેસે અહેમદ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. રાજ્યમાં રાજ્યસભાની ત્રણ બેઠક માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. ૪૪ ધારાસભ્યો જે પાર્ટી હાઈકમાન્ડના આદેશ ઉપર બેંગ્લોરમાં ઈગલટન હોટલ ખાતે રોકાયા હતા તે તમામ ધારાસભ્યો આજે વહેલી પરોઢે રાજ્યમાં પરત પહોંચ્યા હતા. એવું જાણવા મળ્યું છે કે, અમદાવાદ વિમાની મથકે પહોંચ્યા બાદ કોંગ્રેસી ધારાસભ્યોને આણંદમાં નિજાનંદ રિસોર્ટમાં લઈ જવાયા હતા. ૨૭મી અને ૨૮મી જુલાઈના દિવસે કોંગ્રેસના છ ધારાસભ્યોએ પાર્ટી સાથે છેડો ફાડી લીધા બાદ ૪૪ ધારાસભ્યોને બેંગ્લોર લઈ જવામાં આવ્યા હતા. આ ધારાસભ્યોને ઈગલટન રિસોર્ટ ખાતે રાખવામાં આવ્યા હતા. ભાજપ તેમના ધારાસભ્યોનો સંપર્ક ન કરી શકે તે માટે આ યોજના ઘડી કાઢવામાં આવી હતી.

### ઈન્કવાયરી કચેરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે-૨૪ સુવિધા ખાતે બદલી કરી દેવામાં આવી છે. પરંતુ સ્ટાફ આ ઠેકાણે જવા તૈયાર ન હોવાથી નવો પ્રશ્ન ઉદભવ્યો છે. આવા સંજોગોમાં આમ નાગરિકોની ફરિયાદોના નિરાકરણ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાશે કે કેમ તે અંગે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે. સેકટરોમાં મોટાભાગના આવાસો રહેણાંકની દ્રષ્ટીએ બદતર હાલતમાં છે. જયારે રીનોવેશનના અંતે પણ કામગીરીની ગુણવત્તા સામે સવાલો મંડરાયા છે.ત્યારે આમ નાગરિકોની દુવિધાઓનો અંત આવ્યો નથી.

### સાદરા રૂટની... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજીતરફ શિક્ષણહબ તરીકે ઉભરતા ગાંધીનગરમાં મોટી સંખ્યામાં અમદાવાદથી વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવે છે. આ ઉપરાંત આસપાસના ગામોમાંથી પણ વિશેષ સંખ્યામાં વિદ્યાર્થીઓ શાળા કોલેજમાં અભ્યાસ કરવા માટે આવતા હોવાથી ગ્રામ્ય વિસ્તારમાં બસ સેવા સમયસર મળે તે અનિવાર્ય છે. વિદ્યાર્થીવર્ગ ઉપરાંત કામકાજ અર્થે આવતા નોકરીયાત પણ વિશેષ છે. પરંતુ એસ ટી ની સલામત સવારીના યોગ્ય રૂટ ન ગોઠવાતા સ્થાનિકોએ ગાંધીનગર આવવા માટે ખાનગી અને જોખમી મુસાફરી પર આધારિત રહેવુ પડે છે. ગાંધીનગરથી સાદરા રૂટની બસ સેવા છેલ્લા એક મહીનાથી અનિયમિત દોડી રહી છે.જેના લીધે વિદ્યાર્થીઓએ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો છે. વરસાદી દિવસોમાં વિદ્યાર્થીઓને બસ સેવા સમયસર અને નિયમિત ન મળતા આક્રોશ પ્રવર્તયો છે.

### સેવા ખાડે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવર્તી છે. તંત્ર દ્વારા એકબાજુ સ્ટ્રીટ લાઈટની ફરિયાદો નિવારવા માટે ૧૦ ટીમો કામે લગાડવામાં આવી હોવાનો દાવો કરવામાં આવી રહયો છે. પરંતુ નગરના મુખ્યમાર્ગો પર અંધારુ છવાયેલુ છે. ત્યારે સેકટરોના આંતરિક માર્ગ પર સેકટરોની શેરીઓ પણ દેખાતી નથી. સ્ટ્રીટ લાઈટની સુવિધા સદંતર ખાડે ગઈ છે. પાટનગરમાં સ્ટ્રીટ લાઈટના મામલે છેવાડાના ગામથી પણ બદતર હાલત છે. છતા તંત્રના પેટનુ પાણી હલતુ નથી. સેકટરવાસીઓ સતત રજુઆતો કરી રહયા છે. ત્યારે નગરસેવકો પણ આમ નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ માટે નિષ્ક્રીય રહયા હોવાનો આક્રોશ વધ્યો છે.

### ખરાખરીનો જંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બન્ને પક્ષોએ આ ચૂંટણીને લઈ પોતાના સભ્યોને વ્હીપ આપી દીધા છે. મંગળવારે સ્વર્ણિમ સંકુલ-૨ એ રાજ્યની રાજકીય ગતિવિધિઓનું એ.પી. સેન્ટર બની રહેશે.

### ત્રાસવાદી ઠાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. શનિવારના દિવસે સોપોરેમાં ભીષણ અથડામઁણમાં લશ્કરના ત્રણ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. જમ્મુ કાશ્મીરાના જુદા જુદા વિસ્તારમાં ત્રાસવાદીઓનો ખાતમો બોલાવી દેવા માટે સેના અને સુરક્ષા દળો આક્રમક વલણ અપનાવી રહ્યા છે. ઈન્ટેલિજન્સ ઈનપુટ્સ અને સુરક્ષા દળો વચ્ચે શાનદાર તાલમેલના કારણે સરકાર ત્રાસવાદીઓની સામે હવે જોરદાર જંગ ખેલવા અને તેમને ખતમ કરવાને લઈને આશાવાદી છે. જમ્મુ કાશ્મીરના પુલવામાં જિલ્લામાં સુરક્ષા દળોની સાથે ભીષણ અથડામણમાં ગયા મંગળવારે સવારે ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાનો ખતરનાક ત્રાસવાદી અને લીડર તરીકેની ભૂમિકામાં રહેલો અબુ દુજાના ઠાર થયો હતો. સુરક્ષા દળો સાથેની અથડામણમાં દુજાના સાથે તોયબાનો અન્ય કુખ્યાત ત્રાસવાદી આરિફ લિલહારી તેમજ અન્ય બે ત્રાસવાદીઓ ફુંકાયા હતા. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળાનો જંગી જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. છેલ્લા સાત વર્ષમાં સૌથી વધુ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળોએ જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે જુલાઈ સુધી ૧૧૭ ત્રાસવાદીઓને ઠાર કર્યા છે.